# અમદાવાદ  મહાનગર સેવા સદન

## ડ્રેનેજ પ્રોજેકટ

સરદાર પટેલ ભવન, દાણાપીઠ,અમદાવાદ - ૩૮૦૦૦૧.

ટેલિફોન નંબર. ૨૫૩૯૧૮૧૧ થી ૩૦

**માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ ની કલમ ૪(૧) અન્વયે**

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**

**ઈજનેર ડ્રેનેજ પ્રોજેકટનું**

**વર્ષ - ૨૦૧૭ - ૧૮ નું**

**નું પ્રોએકટીવ ડિસ્કલોઝર**

# રાઈટ ટુ ઈન્ફોર્મેશન

## (ડ્રેનેજ પ્રોજેક્ટ)

## શ્રી રૂષિ વાય.પંડયા (એડી.સીટી.ઈજનેર) (ઓવરઓલ નોડલ ઓફીસર + ઈ.શી.+ પ.વ.એ.+ ડ્રેનેજ પ્રોજેક્ટ)

## શ્રી મહેશ એમ.બારોટ (ડ્રેનેજ પ્રોજેકટ)

## શ્રી રાકેશ પી. બોડીવાલા (ડ્રેનેજ પ્રોજેકટ)

## શ્રી મુકેશ સી. નાયક (ડ્રેનેજ પ્રોજેકટ)

## પબ્લીક ઈન્ફોર્મેશન ઓફીસર (P.I.O.)

# ઈજનેર :- ડ્રેનેજ પ્રોજેક્ટ /એન.આર.સી.પી.

## સ્ટાફ ની માહિતી

| અનું | નામ | હોદો | ફોન નંબર | ઓફીસ ફોન નંબર |
|---|---|---|---|---|
| ૧ | શ્રી જગદીશભાઇ પટેલ | સીટી ઇજનેર (વોટર રિર્સોસ મેનેજમેન્ટ) | ૯૩૨૭૦૩૮૬૯૦ | ૨૫૩૯૧૮૧૧/૪૬૫ |
| ૨ | શ્રી ઋષિભાઇ વાય. પંડયા | એડી.સીટી ઇજનેર | ૯૩૨૮૧૯૮૭૦૩ | ૨૫૩૯૧૮૧૧/૫૭૪ |
| ૩ | શ્રી રાકેશભાઇ પી. બોડીવાલા | ડે.સીટી ઇજનેર | ૯૩૭૪૫૦૩૯૧૮ | ૨૫૩૯૧૮૧૧/૪૮૨ |
| ૪ | શ્રી મહેશભાઇ એમ. બારોટ | ડે.સીટી ઇજનેર | ૯૩૨૭૦૩૮૭૧૩ | ૨૫૩૯૧૮૧૧/૪૮૨ |
| ૫ | શ્રી મુકેશભાઇ નાયક | ડે.સીટી ઇજનેર | ૯૩૨૭૫૧૩૪૪૫ | ૨૫૩૯૧૮૧૧/૪૮૨ |
| ૬ | શ્રી જીજ્ઞેશભાઇ વી શાહ | આસી.સીટી ઇજનેર | ૯૩૨૭૫૧૩૪૯૬ | ૨૫૩૯૧૮૧૧/૪૮૨ |
| ૭ | શ્રી માહીરભાઇ એમ મલેક | આસી.સીટી ઇજનેર | ૯૩૨૭૫૧૩૪૭૧ | ૨૫૩૯૧૮૧૧/૪૮૨ |
| ૮ | શ્રી વિજયભાઇ વ્યાસ | આસી. સીટી ઇજનેર | ૯૩૨૭૧૨૨૫૨૯ | ૨૫૩૯૧૮૧૧/૪૮૨ |
| ૯ | શ્રી ડી. આર. પટેલ | આસી.સીટી.ઇજનેર | ૯૩૨૭૫૧૩૪૭૫ | ૨૫૩૯૧૮૧૧/૪૮૨ |
| ૧૦ | શ્રી શરદભાઇ એમ. પટેલ | આસી.સીટી.ઇજનેર | ૯૩૨૮૩૯૯૨૯૨ | ૨૫૩૯૧૮૧૧/૪૮૨ |
| ૧૧ | શ્રીમતિ પ્રિતીબેન દેસાઇ | આસી. સીટી ઇજનેર | ૯૩૨૮૧૪૮૮૭૦ | ૨૫૩૯૧૮૧૧/૪૮૨ |
| ૧૨ | શ્રી પ્રકાશભાઇ એલ. મોજીદ્રા | આસી. ઇજનેર | ૯૩૭૬૦૧૬૫૨૨ | ૨૫૩૯૧૮૧૧/૪૮૨ |
| ૧૩ | શ્રી મહેન્દ્રભાઇ રાઠોડ | આસી. ઇજનેર | ૯૩૨૭૫૮૪૧૨૧ | ૨૫૩૯૧૮૧૧/૪૮૨ |
| ૧૪ | શ્રી મૌલિકભાઇ ઝાલા | આસી. ઇજનેર | ૯૩૭૫૯૬૯૫૧૮ | ૨૫૩૯૧૮૧૧/૪૮૨ |
| ૧૫ | શ્રી જયેશભાઇ બ્રહ્મભટ્ટ | આસી. ઇજનેર | ૯૩૨૭૦૩૮૭૨૨ | ૨૫૩૯૧૮૧૧/૪૮૨ |
| ૧૬ | શ્રી ધવલભાઇ આર. ગજ્જર | આસી. ઇજનેર | ૯૩૭૬૦૧૭૫૪૯ | ૨૫૩૯૧૮૧૧/૪૮૨ |
| ૧૭ | શ્રીમતિ સમીરાબાનુ શેખ | આસી. ઇજનેર | ૯૦૯૯૦૮૩૨૨૪ | ૨૫૩૯૧૮૧૧/૪૮૨ |

## ઈજનેર :- ડ્રેનેજ પ્રોજેક્ટ /એન.આર.સી.પી.

**<u>Monthly remuneration received by officers and employee</u>**

| અનું | નામ | હોદ્દો | ગ્રેડ રૂા. |
|---|---|---|---|
| ૧ | શ્રી જગદીશભાઈ પટેલ | સ્પે. સીટી ઇજનેર | ૧૧૮૫૦૦-૨૪૧૦૦૦(૧૫૪૭૦૦) |
| ૨ | શ્રી ઋષિભાઇ વાય. પંડયા | એડી.સીટી ઇજનેર | ૧૧૮૫૦૦-૨૪૧૦૦૦(૧૩૩૫૦૦) |
| ૩ | શ્રી રાકેશભાઇ પી. બોડીવાલા | ડે.સીટી ઇજનેર | ૬૭૭૦૦-૨૦૮૭૦૦(૮૫૮૦૦) |
| ૪ | શ્રી મહેશભાઇ એમ. બારોટ | ડે.સીટી ઇજનેર | ૬૭૭૦૦-૨૦૮૭૦૦(૮૮૪૦૦) |
| ૫ | શ્રી મુકેશભાઇ નાયક | ડે.સીટી ઇજનેર | ૬૭૭૦૦-૨૦૮૭૦૦(૭૭૯૦૦) |
| ૬ | શ્રી જીજ્ઞેશભાઇ વી શાહ | આસી.સીટી ઇજનેર | ૪૪૯૦૦-૧૪૨૪૦૦(૫૦,૫૦૦) |
| ૭ | શ્રી માહીરભાઇ એમ મલેક | આસી.સીટી ઇજનેર | ૪૪૯૦૦-૧૪૨૪૦૦(૫૦,૫૦૦) |
| ૮ | શ્રી વિજયભાઇ વ્યાસ | આસી. સીટી ઇજનેર | ૪૪૯૦૦-૧૪૨૪૦૦(૫૦,૫૦૦) |
| ૯ | શ્રી ડી. આર. પટેલ | આસી.સીટી.ઇજનેર | ૫૩૧૦૦-૧૬૭૮૦૦(૭૭૯૦૦) |
| ૧૦ | શ્રી શરદભાઇ એમ. પટેલ | આસી.સીટી.ઇજનેર | ૫૩૧૦૦-૧૬૭૮૦૦(૫૪૭૦૦) |
| ૧૧ | શ્રીમતિ  પ્રિતીબેન દેસાઇ | આસી.સીટી.ઇજનેર | ૪૪૯૦૦-૧૪૨૪૦૦(૫૦,૫૦૦) |
| ૧૨ | શ્રી પ્રકાશભાઇ એલ. મોજીદ્રા | આસી. ઇજનેર | ૪૪૧૦૦-૧૪૨૪૦૦(૪૯,૦૦૦) |
| ૧૩ | શ્રી મહેન્દ્રભાઇ રાઠોડ | આસી. ઇજનેર | ૪૪૯૦૦-૧૪૨૪૦૦(૫૦,૫૦૦) |
| ૧૪ | શ્રી મૌલિકભાઇ ઝાલા | આસી. ઇજનેર | ૪૪૯૦૦-૧૪૨૪૦૦(૫૦,૫૦૦) |
| ૧૫ | શ્રી જયેશભાઇ બ્રહ્મભટ્ટ | આસી. ઇજનેર | ૪૪૯૦૦-૧૪૨૪૦૦(૬૦,૪૦૦) |
| ૧૬ | શ્રી ધવલભાઇ આર. ગજજર | આસી. ઇજનેર | ૪૪૯૦૦-૧૪૨૪૦૦(૫૦,૫૦૦) |
| ૧૭ | શ્રીમતિ  સમીરાબાનુ શેખ | આસી. ઇજનેર | ૪૪૯૦૦-૧૪૨૪૦૦(૫૦,૫૦૦) |

## ઈજનેર ડ્રેનેજ પ્રોજેકટ ખાતાની માહીતી

**વ્યવસ્થા તંત્ર કાર્ય અને ફરજો**

(૧) સમગ્ર અમદાવાદ શહેરના વિકાસને ધ્યાનમાં રાખી હયાત ડ્રેનેજ નેટવર્કમાં જરૂરી સુધારાવધારા કરાવવા માટે જરૂરિયાત મુજબ કન્સલ્ટન્ટસના પરામર્શમાં રહી મ્યુ. કોર્પો.ના આયોજન કરવામાં આવેલ છે. જે અનુસાર નવી ટ્રંક મેઈન કલાઈન નાંખવી, નવા ડ્રે.પં. સ્ટેશન બાંધવાના નવી ટેકનોલોજીનો અભ્યાસકરી તેઅનુસાર નવા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બાંધવાના તેમજ તેમાં જરૂરીયાત મુજબ સુધારાવધારા કરાવવા ઉપરોકત કામગીરીઓ માટે રાજય સરકાર/કેન્દ્ર સરકારમાંથી ગ્રાંટ /સહાય મેળવવી અગરતો અન્ય નાણાંકીય સંસ્થાઓમાંથી લોન મેળવવા કાર્યવાહી કરવી.

તેમજ આ પ્રોજેકટની પ્રસપોઝલની જે તે સત્તાની મંજૂરીઓ મેળવવી, જરૂરી બજેટ પ્રોવિઝન કરાવવું ટેન્ડર તૈયાર કરાવી, ટેન્ડર મંગાવી તેની મંજૂરીઓ મેળવી તે મુજબ કામગીરી કરાવવી તથા કામો પુરા થયેથી લાઈનો પંપીગ સ્ટેશન, પ્લાન્ટસ કાર્યરત કરાવવા.

(૨) હાલમાં ડ્રેનેજ પ્રોજેકટ ખાતુ ડાયરેકટ સીટી ઈજનેર (WRM) ના તાબા હેઠળ કામગીરી કરે છે.હાલમાં ખાતામાં નીચે મુજબની કેડરના કર્મચારીઓ કામગીરી કરે છે.

સીટી ઈજનેર.(WRM)

↓

એડી. સીટી ઈજનેર.

↓

ડેપ્યુટી સીટી ઈજનેર.

↓

આસી. સીટી ઈજનેર.

↓

આસી. ઈજનેર.

↓

ટેકનીકલ સુપરવાઈઝર.

↓

સુપરવાઈઝર.

↓

કલાર્ક.

આ સમગ્ર ટીમ સાથે મળીને પ્રોજેકટસની કામગીરીનું આયોજન તથા અમલીકરણ કરાવે છે. સાઈટપર મંજૂર થયેલ ટેન્ડર મુજબની કામગીરીઓ કરાવવી, કોન્ટ્રા. દ્વારા કરવામાં આવતા કામોનું સુપરવીઝન, કરવામાં આવેલ કામ મુજબ તેના રનીંગ બીલો/ફાઈનલ બીલો બનાવી તેનું પેમેન્ટ માટે પ્રોસેસ કરાવવું

**એડી.સી.ઈ.:-** પ્રોજેકટના પ્લાનીંગ, ડીઝાઈનીંગ, ટેન્ડરીંગની કામગીરીમાં ધ્યાન આપવાનું હોય છે.તેમજ કામો ચાલુ કરાવી તેના પ્રોગ્રેસ, પેમેન્ટ વગેરે અંગેના ફાઈનલ નિર્ણયો કરે છે. તેમજ કામોનું મોનીટરીંગ. સીટી ઈજનેરશ્રી ટેકનીકલ મુદ્દાઓ તથા પ્લાનીગ અને ચર્ચા / પરામર્શ કરી સુચનો નિર્ણયો મુજબ કરે છે.

**ડે.સી.ઈ.:-** ઉપર જણાવેલ કામગીરીમાં એડી.સી.ઈ. સાથે પરામર્શમાં રહી કામગીરી કરાવવાની હોય છે. સાઈટપર સુપરવીઝન, કામનો પ્રોગ્રેસ, કન્સલ્ટન્ટ સાથે પરામર્શમાં રહી નવા કામોનું આયોજન, ચાલુ કામોમાં જરૂરીયાત મુજબ ડીટેલીંગ કરાવવુ, કામોનો પ્રોગ્રેસ વિ. અંગે કોન્ટ્રાકટર પાસેથી કામગીરી કરાવવી તેમજ નીચેના સ્ટાફ સાથે પરામર્સમાં રહી કામોનો કવોલીટી કન્ટ્રોલ, થયેલ કામો મુજબ બીલો બનાવવા વિ. કામગીરીઓ કરાવવાની હોય છે.

આ ઉપરાંત આ કામગીરીઓ માટે રાજય સરકાર, કેન્દ્ર સરકારના જુદાજુદા ખાતાઓના અધિકારીશ્રીઓ સાથે પરામર્શમાં રહી આગળ પ્રોજેકટના કામો બનાવવાના હોય છે.

**આ.સી.ઈ.:-** ડે. સી.ઈ. તથા એડી.સી.ઈ.શ્રીના તાબા હેઠળ તેઓએ કામ કરાવવાનું હોય છે. પ્રપોઝલો,ટેન્ડર વિ. તૈયાર કરવા ઉપરાંત અધિકારીશ્રીઓની સૂચના મુજબ માહિતી એકત્ર કરવી, સાઈટપર ચાલતા કામોમાં ટેન્ડર સ્પેશીફીકેશન મુજબ કામગીરી કરાવવી, આ.ઈ.શ્રી પાસે થયેલ કામો મુજબ બીલો બનાવવા અને તેનું ચેકીંગ કરવું વિ.

**આ.ઈ. :-** આ.ઈ. એ આ.સી.ઈ.શ્રી ની સૂચના અનુસાર ઉપરોકત તમામ કામગીરીઓ કરાવવાની હોય છે.

## ડ્રેનેજ પ્રોજેકટ

**સુઅરેજ નેટ વર્કની માહીતી.**

અમદાવાદ શહેરમાં સીસ્ટેમેટીક ડ્રેનેજ લાઈનો ઘણા વર્ષોથી નાંખવામાં આવેલી છે. અને સંપૂર્ણ ક્ષમતાથી કામ કરી રહી છે. શહેરના વધતા જતા વિસ્તારોની સાથે સાથે ડ્રેનેજ સુવિધાઓ આપવાના કામો હાલમાં હાથ ધરવામાં આવી રહયા છે.શહેરના પૂર્વ તથા પશ્ચિમ વિસ્તારના સુએજના પાણીનો નિકાલ આર.સી.સી. ડકટ લાઈન દ્વારા વાસણા અને પીરાણા ખાતેના ટર્મીનલ પંપીગ સ્ટેશન તથા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા સુએજ ટ્રીટમેન્ટની કામગીરી કરવામાં આવે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારના અંદાજે ૨૫૬૦.૦૦ કી.મી.ના ડ્રેનેજ નેટવર્ક દ્વારા સુએજ ફલો મ્યુનિ. કોર્પો.ના અલગ અલગ વિસ્તારમાં આવેલ કુલ્લે ૫૯ મેઈન ડ્રેનેજ પંપીગ સ્ટેશન તથા ઈન્ટર મીડીયેટ પંપીગ સ્ટેશન તેમજ વાસણા તથા પીરાણા ટર્મીનલ પંપીગ સ્ટેશનમાં

આવે છે જયાંથી સુએજને પંપ કરી સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં મોકલવામાં આવે છે. સદર સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં સુએજને ટ્રીટ કરી સાબરમતી નદીમાં છોડવામાં આવે છે.

નરોડા, ઓઢવ,વટવા અને નારોલ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારનાં ઔદ્યોગિક એકમો દ્વારા ઉત્પન્ન થતા એફ્લ્યુઅન્ટને દરેક વિસ્તારમાં કોમન એફ્લ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ટ્રીટ કરી નદી સુધી ડીસ્પોઝલ કરવા માટે વર્ષ ૨૦૦૧ માં ૨૭ કિ.મી. ની મેગા લાઇન નાંખવામાં આવેલ જેમાં નોડલ એજન્સી તરીકે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કામ કરેલ. આ મેગા લાઇનની મરામત અને નિભાવ માટે હવેથી સ્પેશીયલ પરપઝ વ્હીકલ (SPV) બનાવેલ છે અને SPV બને ત્યાં સુધી વટવા ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન દ્વારા મરામત અને નિભાવની કામગીરી કરવામાં આવે છે. જેને આપવાની મશીનરી તેમજ તાંત્રિક મદદ ડ્રેનેજ પ્રોજેક્ટ ખાતા દ્વારા કરવામાં આવે છે. હવેથી આ લાઈનનું મરામત અને નિભાવ સંપૂર્ણપણે આ SPV હેઠળ કરવાનું થાય છે.

ડ્રેનેજ પ્રોજેક્ટ દ્વારા શહેરના હયાત ડ્રેનેજ નેટવર્ક તથા સુએજ પંપીગ સ્ટેશનોને વિકાસ આધારીત જરૂરીયાત મુજબ સ્ટ્રેન્ધનીંગ કરવાની કામગીરી કરવામાં આવે છે.તદ્ઉપરાંત શહેરનાં વિકાસશીલ વિસ્તારો તથા અન્ય વિસ્તારો કે જ્યાં ડ્રેનેજની સવલત ઉપલબ્ધ થતી નથી તેવા વિસ્તારોમાં સર્વે કરી, પ્રાયોરીટી મેળવી ,બજેટ પ્રોવિઝન તથા કેશફેલોનો અભિપ્રાય મેળવી ડ્રેનેજ નેટવર્ક તથા ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવી જે તે વિસ્તારની ડ્રેનેજની સવલત આમ જનતાને મળી રહે તે મુજબનું આયોજન કરવાની કામગીરી કરવામાં આવે છે. શહેરની જુની હયાત ડ્રેનેજ સ્ટ્રોમ વોટર ટ્રંક મેઈન લાઇનો ની આધુનીક મશીનરી વડે સફાઇ (ડીસીલ્ટીગ) તથા જરૂરીયાત જણાયે સ્ટ્રેન્ધનીંગ કરે તેની વહન ક્ષમતા વધારા માટેની કામગીરી હાથ ધરવામાં આવે છે. શહેરમાં ભરાતા વરસાદી પાણીના નિકાલ કરવા હેતુ શહેરના વિવિધ વિસ્તારો નો સર્વે કરી જરૂરીયાત મુજબ સ્ટ્રોમ વોટર ડ્રેનેજ નેટવર્ક નાંખવાની તથા સ્ટ્રોમ વોટર પંપીગ સ્ટેશનની કામગીરી કરવામાં આવે છે.

## નેશનલ રીવર કોન્ઝર્વેશન પ્રોજેકટ (એન.આર.સી.પી.)

નેશનલ રીવર કોન્ઝર્વેશન પ્રોજેકટ અન્વયે, કેન્દ્ર સરકારના એન્વાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટ દ્વારા રૂા.૯૩.૮૩ કરોડનો સાબરમતી શુધ્ધિકરણ પ્રોજેકટ ફેઝ - ૧ મંજૂર કરવામાં આવેલ. આ પ્રોજેકટ કેન્દ્ર સરકારની ૭૦% તેમજ રાજ્ય સરકારની ૩૦% ગ્રાન્ટથી કરવામાં આવેલ છે. આ પ્રોજેકટમાં અમદાવાદ શહેર તેમજ પશ્ચિમ ઔડાના ડ્રેનેજ નેટ વર્કની કામગીરીઓ કરાવવામાં આવેલ છે. આ પ્રોજેકટ સને ૧૯૯૬માં શરૂ કરવામાં આવેલ. અને ડીસેમ્બર -૨૦૦૪માં સંપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ છે. અને તમામ કમ્પોનન્ટસ કાર્યરત કરવામાં આવેલ છે. કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર થયેલ રૂા. ૯૩.૮૩ કરોડની ગ્રાન્ટની સામે ૯૧.૧૮ કરોડની ગ્રાન્ટ રીલીઝ થયેલ છે.બાકીની ગ્રાન્ટ રીલીઝ કરાવવા અંગે કાર્યવાહી ચાલુ છે. આ પ્રોજેકટના અમલીકરણ બાદ સાબરમતી નદીમાં

થતા પોલ્યુશનમાં ઘટાડો થયેલ છે. પરંતુ તેને સંપૂર્ણ પણે બંધ કરાવવા તેમજ અમ્યુ.કો તથા ઔડા વિસ્તારની ડ્રેનેજની ભવિષ્યની જરૂરીયાતોને ધ્યાનમાં લઈ, એન.આર.સી.પી. ફેઝ-૨ (બીજા તબકકાનો) રૂા.૯૬૦.૦૦ કરોડનો પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરી કેન્દ્ર સરકાર સમક્ષ મંજૂરી અર્થે મૂકવામાં આવેલ છે. જેમાંથી કેન્દ્ર સરકાર સમક્ષ મંજુરી અર્થે મૂકવામાં આવેલ છે. જેમાંથી કેન્દ્ર સરકાર દ્વારા રૂા.૪૪૪.૪૪ કરોડના પ્રોજેકટ મંજુર કરવામાં આવેલ છે.ફેઝ -૨ હેઠળનાં મંજુર થયેલા કામો ઓક્ટોબર - ૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવાના થાય છે. સદર પ્રોજેક્ટમાં હાલમાં રૂા.૫૭.૫૫ કરોડની કામગીરી થયેલ છે.

**કામગીરીની સમીક્ષા:-**

**નવા કામનો અંદાજ**

કોઈપણ નવા કામની જરૂરીયાત જણાંતા પ્રથમ જેતે સત્તાની વહીવટી અનુમતિ મેળવવામાં આવે છે. જેમાં આસી. ઈજનેરશ્રી ડ્રાફ્ટ રજુ કરે છે જેની આસી.સીટી.ઈજનેરશ્રી દ્વારા ચકાસણી થયા બાદ ડે. સીટી ઈજનેર શ્રી તથા ત્યારબાદ એડી.સીટી ઈજનેર શ્રી સમક્ષ રૂબરૂમાં અથવા ટપાલથી રજુ કરાય છે.જેમાં સહી થયેથી મે.મ્યુની. કમિશ્નરશ્રી સમક્ષ રજુ કરવામાં આવે છે. અને મ્યુનિ. કમિશ્નર શ્રી ની વહીવટી અનુમતિ મેળવવામાં આવે છે.

વહીવટી અનુમતી મળ્યેથી આસી.ઈજનેરશ્રી દ્વારા સ્થળ-સ્થિતિના માપ લઈને અંદાજ બનાવવામાં આવે છે જેની આસી. સીટી ઈજનેર શ્રી તથા ડે. સીટી ઈજનેરશ્રી દ્વારા ચકાસણી કર્યા બાદ,એડી.સીટી ઈજનેરશ્રી સમક્ષ રજુ કરવામાં આવે છે.ત્યારબાદ આ કામમાટે બજેટ તથા કેશફ્લો પ્રોવિઝન કરવા માટે એકા.ખાતામાં મોકલી આપવામાં આવે છે. તેઓ દ્વારા બજેટ પ્રોવિઝન/કેશફ્લો તથા અન્ય વિગતવાર નોંધણી કરાયા બાદ આગળ યોગ્ય સત્તાની મંજૂરી માટે રજુ કરવામાં આવે છે. આથી વિગત નીચે મુજબ છે.

૧. જોઅંદાજ રૂા. ૨૫૦૦૦/-ની મર્યાદામાં હોય તો તેની મંજૂરી એડી.સીટી ઈજનેરશ્રી દ્વારા આપવામાં આવે છે.
૨. જો અંદાજ રૂા.૫,૦૦,૦૦૦/- નીમર્યાદામાં હોય તો ડે. મ્યુનિ. કમિશ્નરશ્રી ની મંજૂરી લેવામાં આવે છે.
૩. જો અંદાજ રૂા.૧૫,૦૦,૦૦૦/- નીમર્યાદામાં હોય તો મ્યુનિ. કમિશ્નરશ્રી ની મંજૂરી લેવામાં આવે છે.
૪. જો અંદાજ રૂા.૧૫,૦૦,૦૦૦/- થી વધુ હોય તો તેની મંજૂરી વોટર સપ્લાય અને સુઅરેજ કમીટી મારફતે મ્યુનિ. કોર્પો.ની મેળવવામાં આવે છે.

| | અંદાજ | વાર્ષિક કામ | ટેન્ડર | ઓફર/કવોટેશન. |
|---|---|---|---|---|
| એડી.સીટી ઈજનેર | | | ----- | રૂા. ૨૫,૦૦૦/- |
| સીટી ઇજનેર શ્રી | --- | --- | --- | રૂા. ૫૦,૦૦૦/- |
| ડે.મ્યુનિ.કમિશ્નરશ્રી | રૂા.૫,૦૦,૦૦૦/- | --- | રૂા.૫,૦૦,૦૦૦/- | રૂા.૧,૨૫,૦૦૦/- |
| મ્યુનિ.કમિશ્નરશ્રી | રૂા.૧૫,૦૦,૦૦૦/- | ----- | રૂા.૧૫,૦૦,૦૦૦/- | રૂા.૩,૦૦,૦૦૦/- |

આ માટે પ્રથમ દરખાસ્ત તૈયાર કરવામાં આવે છે. જેમાં એડી.સીટી ઈજનેરશ્રી ની સહીબાદ મ્યુનિ.કમિશ્નરશ્રી ની વહીવટી અનુમતિ મેળવી સદર કામની મંજૂરી મેળવવા માટે મ્યુની. કમિશ્નરશ્રી નો પત્ર તૈયાર કરી વોટર સપ્લાય અને સુઅરેજ કમીટી મારફતે મ્યુનિ. કોર્પો. ની મંજૂરી મેળવવામાં આવે છે.

અંદાજની મંજૂરી મળ્યેથી આકામના ટેન્ડર સ્પેશીફીકેશન તૈયાર કરવામાં આવે છે. અને જેની સંપૂર્ણ ચકાસણી આસ.સીટી ઈજનેર, ડે.સીટી ઈજનેરશ્રી તથા એડી.સીટી ઈજનેરશ્રી તરફથી કરાયા બાદ ટેન્ડર ઈન્વાઈટ કરવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવે છે.

ટેન્ડર નોટીસ દૈનિક ગુજરાતી પેપરમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે તેમજ મ્યુનિ.કોર્પો. ની વેબ સાઈટ www.egovamc.com અથવા તો www.nprocure.com (e-tender) ઉપર મૂકી પ્રસિધ્ધ કરવામાં આવે છે. જેમાં રસ ધરાવતી પાર્ટીઓ/કોન્ટ્રાકટર પાસેથી ટેન્ડર મંગાવવામાં આવે છે. તથા ટેન્ડર ડાઉન લોડ કરવાની તારીખ, ટેન્ડર સ્વીકારવાની તારીખ/સમય જણાવવામાં આવે છે. તથા સબમીટ કેવી રીતે તથા કયાં કરવાના થાય છે તે પણ જણાવવામાં આવે છે.

ટેન્ડર સ્વીકારાયા બાદ આ ટેન્ડર ખોલવામાં આવે છે. આ ટેન્ડર આસી. મેનેજરશ્રી (પ્રોજેકટ) દ્વારા ખોલવામાં આવે છે અને ડીપાર્ટમેન્ટમાં આગળની કાર્યવાહી માટે મોકલવામાં આવે છે.આવેલ ટેન્ડરોની ચકાસણી કરવામાં આવે છે.

અર્નેસ્ટમની ભરેલી છે કે કેમ ?તથા કોઈ શરત લખેલ છે કે કેમ ?  તે જોવામાં આવે છે.

લોએસ્ટ ટેન્ડરના ભાવોની એસ.ઓ.આર. તથા પ્રવર્તમન બજારભાવ સાથે સરખામણી કરીને વ્યાજબી ભાવના ટેન્ડરને યોગ્ય સત્તાની મંજૂરી માટે રજુ કરવામાં આવે છે.

જો ટેન્ડર રૂા.૨,૦૦,૦૦૦/- કરતાં વધુ રકમનું હોય તો તેની વધુ ચકાસણી માટે ટેન્ડર સ્કુટીની કમીટીમાં રજુ કરવામાં આવે છે. ટેન્ડર સ્કુટીની કમીટીમાં ડે. મ્યુની.કમિશ્નરશ્રી તથા એડી.સીટી ઈજનેરશ્રી સદસ્ય હોય છે. તથા પ્લાનીંગ ઓફીસરશ્રીની હાજરીમાં રજુ કરવામાં આવેલ ટેન્ડરની ચકાસણી /ચર્ચા વિચારણા કરવામાં આવે છે. સ્કુટીની કમીટીમાં મંજૂર થયા બાદ મ્યુનિ. કમિશ્નરશ્રી ની મંજૂરી મળતા ટેન્ડર અંગેની આગળની કાર્યવાહી કરવામાં આવે છે. જેનીમંજૂરીની સત્તા નીચે મુજબ છે.

જો ટેન્ડરની રકમ રૂા.૫,૦૦,૦૦૦/-હોય તો ડે. મ્યુનિ.કમિશ્નરશ્રી

જો ટેન્ડરની રકમ રૂા.૧૫,૦૦,૦૦૦/-હોય તો મ્યુનિ.કમિશ્નરશ્રી

જો ટેન્ડરની રકમ રૂા.૧૫,૦૦,૦૦૦/-હોય તો વોટર સપ્લાય અને સુઅરેજ કમીટી

**<u>કામ દરમ્યાન :-</u>** સાઈટ ઉપર સુપરવાઈઝર/ટેકનીકલ સુપરવાઈઝરની મદદથી આસી. ઈજનેર દ્વારા કામ એકઝીકયુટ કરાવવામાં આવે છે. જેનું રોજબરોજનું ચેકીંગ આસી. ઈજનેરશ્રી દ્વારા તેમજ અઠવાડીયામાં

અવારનવાર આસી.સીટી ઈજનેર શ્રી તથા ડે.સીટી ઈસજનેરશ્રી દ્વારા ચેકીંગ કરવામાં આવે છે. કામ લાઈન લેવલમાં સ્પેશીફીકેશન મુજબનું ખાતાના ઈજનેરશ્રીઓની સીધી દેખરેખ હેઠળ કરાવવામાં આવે છે.

**<u>પ્રોજેકટના કામો :-</u>** પ્રોજેકટના કામોમાં હયાત ડ્રેનેજ લાઈન નેટ વર્ક તથા ડ્રેનેજ પંપીગ સ્ટેશનને સ્ટ્રેન્ધન કરવા તેમજ કોર્પોરેશનના જે વિસ્તારમાં ડ્રેનેજની સુવિધા નથી તે વિસ્તારનો સર્વે કરી ડ્રેનેજ લાઈનના નેટવર્કનો તથા પંપીગ સ્ટેશન બનાવવા અંગે પ્રાયોરીટી નકકી કરવામાં આવે છે. જેના માટે જરૂરી બજેટ પ્રોવિઝન તથા કેશ ફલો મેળવવામાં આવે છે.

**<u>કન્સલ્ટન્ટ :-</u>** કામની પ્રાયોરીટી નકકી થયા બાદ કન્સલ્ટન્ટની માન્ય યાદીમાંથી કન્સલ્ટન્ટ પસંદ કરવામાં આવે છે જેમને જરૂરીયાત મુજબના ડેટા હયાત નેટવર્કની માહીતી (નેટ વર્ક હોય તો ) તેમજ ટી.પી./ડી.પી. પોપ્યુલેશન, પાણીના સપ્લાય વિગેરેની પ્રિલીમીનરી ફીઝીબીલીટીની ચકાસણી કરીને માહીતી આપવામાં આવે છે. જેના આધારે કન્સલ્ટન્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલ ઓલ્ટરનેટીવસ અંગે જરૂરી ચર્ચા વિચારણા એડી. સી.ઈ. શ્રી તથા સીટી ઈજનેર તેમજ મ્યુનિસિપલ કમિશ્નર સાથે કરવામાં આવે છે અને ઓલ્ટરનેટીવસ પૈકી સાદી ઈકોનોમીકલ પ્રપોઝલ ફાઈનલ કરી તે અંગે આગળ કાર્યવાહી કરવા કન્સલ્ટન્ટને જણાવવામાં આવે છે.

**<u>ટેન્ડર /અંદાજ :-</u>** કન્સલ્ટન્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રપોઝલની દરેક આઈટમના માપ તેમાં લેવામાં આવેલ ભાવો વિગેરેની સુક્ષ્મ ચકાસણી ખાતા દ્વારા કરવામાં આવે છે. તેમજ ટેન્ડર તથા તેના સ્પેશીફીકેશન વિ. ની ચકાસણી કર્યા બાદ તે અંગે ટેન્ડર નોટીસ વિગેરે તૈયાર કરવામાં આવે છે.

દરેક ટેન્ડર નોટીસ દૈનિક ગુજરાતી તથા અંગ્રેજી સમાચાર પત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે. સાથે સાથે અમદાવાદ મ્યુનિ. કોર્પોની વેબ સાઈટ સાઈટ www.egovamc.com / www.nprocure.com (e-tender) માં પણ અપલોડ કરી મૂકવામાં આવે છે.

જો ટેન્ડર મોટું હોય તો નેશનલ લેવલે મેટ્રો સીટી જેવા કે દિલ્હી, ચેનાઈ, મુબંઈ અને કલકતા જેવા શહેરોનાં અંગ્રેજી દૈનિક પત્રોમાં ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવે છે. તેમજ વેબ સાઈટ ઉપર સદર ટેન્ડર નોટીસ અપલોડ કરી મૂકવામાં આવે છે.

સદર ટેન્ડર નોટીસમાં ટેન્ડર અંગે તમામ પ્રકારની માહીતીનો સમાવેશ કરવામાં આવે છે. ટેન્ડર સ્વીકારવાની છેલ્લ તારીખ/ સમય , પ્રિબીડ મીટીંગની તારીખ /સમય તથા ટેન્ડર ખોલવાની તારીખ અને સમય સ્પષ્ટ જણાવવામાં આવે છે.

ટેન્ડર ટુ બીડ સીસ્ટમથી મંગાવવામાં આવે છે.પ્રથમ પી . ક્વોલીફીકેશન માટે - ટેકનીકલ બીડ એડી.સીટી ઈજનેરશ્રી ની અધક્ષતા હેઠળ, કોન્ટ્રાકટરના પ્રતિનિધીઓ, અન્ય અધિકારીશ્રીઓ તથા ટેન્ડર ઓફીસરશ્રીની હાજરીમાં ખોલવામાં આવે છે. જયારે પ્રાઈસ બીડ ખોલ્યા વગર અલગ રાખવામાં આવે છે.

ટેકનીકલ બીડની સુક્ષમ ચકાસણી કરાયા બાદ, કન્સલ્ટન્ટ શ્રી નો અભિપ્રાય મેળવીને કવોલીફાઈડ થતા કોન્ટ્રાકટરોની પ્રાઈસ બીડ ખોલવાની મંજૂરી માંગવામાં આવે છે. ખાતા દ્વારા મૂકવામાં આવેલ રીપોર્ટ મે. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ની મંજૂરી મળતા, કવોલીફાઈડ થયેલ બીડર્સને તેઓની પ્રાઈસ બીડ ખોલવાની તારીખ/સમય/સ્થળ તથા તે સમયે હાજર રહેવા જણાવવામાં આવે છે.

ટેન્ડર નિયત કરેલ તારીખ/સમય/સ્થળે એડી.સી.ઈ. શ્રી નીઅધ્યક્ષતા હેઠળ, બીડર્સનાં પ્રતિનીધીઓની હાજરીમાં ખોલવામાં આવે છે. આ સમયે ટેન્ડર ઓફીસરશ્રી, કન્સલ્ટન્ટશ્રી તથા ખાતાના અન્ય અધિકારીશ્રીઓ હાજર રહે છે.

કવોલીફાઈડ થયેલ બીડર્સના ટેન્ડર ખોલાયા બાદ

(૧) ટેન્ડરમાં ભરેલભાવ / રકમ વિગેરે શબ્દો તથા આંકડાની ચકાસણી કરવામાં આવે છે.

(૨) તેના ગુણાકાર તથા ટોટલની ચકાસણી કરવામાં આવે છે.

(૩) અન્ય કોઈ શરત છે કે કેમ ? તે જોવામાં આવે છે.

અન્ય જરૂરી ચકાસણી કર્યા બાદ લોએસ્ટ (એલ.૧) કોન્ટ્રાકટરના ટેન્ડરની/તેના ભાવની શીડયુલ ઓફ રેઈટસ, પ્રવર્તમાન બજાર ભાવ વિગેરે સાથે સરખામણી કરીને તેની મંજૂરી મેળવવાની વહીવટી અનુમતિ મે. મ્યુનિ.કમિ.શ્રી ની ખાતા દ્વારા મેળવવામાં આવે છે.

સદર મંજૂરી મળેથી આ ટેન્ડર,ટેન્ડર સ્ક્રુટીની કમીટી સમક્ષ રજુ કરવામાં આવે છે.જયાં પુરેપુરી ચકાસણી/સ્ક્રુટીની થયા બાદ એપ્રુવલ મળેથી મ્યુનિ. કમિશ્નરશ્રી સમક્ષ મૂકવામાં આવે છે. જયાં સદર કામની અનુમતિની દરખાસ્ત તથા મ્યુનિ. કમિ.શ્રી ના પત્રમાં સહી થયેથી કામ કમીટી સમક્ષ મૂકવામાં આવે છે.

કામ જો રૂા.૧૫.૦૦ લાખ કરતાં વધુ રકમનું હોય તો આ કામના ટેન્ડર વોટર સપ્લાય અને સુઅરેજ કમીટી મારફત સ્ટેન્ડીંગ કમીટીની મંજૂરી તથા અંદાજ વોટર સપ્લાય અને સુઅરેજ કમીટી મારફતે મ્યુનિ. કોર્પો.ની મંજૂરી મેળવવામાં આવે છે.

ઉપરોકત મંજૂરી મળેથી મંજૂર થયેલ કોન્ટ્રાકટરને વર્ક ઓર્ડર આપવામાં આવે છે. તથા ટેન્ડર રકમની ૫% લેખે રકમની ડીપોઝીટ, બેંક ગેરંટીના ફોર્મમાં જમા કરાવી, કરારપત્ર એકઝીકયુટ કરવા જણાવવામાં આવે છે. જે પ્રક્રિયા કોન્ટ્રાકટર દ્વારા કરવામાં આવે છે. કોન્ટ્રાકટર દ્વારા સાઈટ મોબીલાઈઝ કરીને, કામ શરૂકરવામાં આવે છે.

કામની લાઈન આઉટથી લઈને દરેક પ્રકારની ચકાસણી ખાતાના ટેકનીકલ સુપરવાઈઝર તથા આસી. ઈજનેર શ્રી દ્વારા ખુબજ ધ્યાન પૂર્વક કરવામાં આવે છે. કન્સ. તરફથી રીલીઝ કરવામાં આવતા પ્લાન તેના બતાવેલ ડીટેઈલ્સ મુજબ કામ કરાવવામાં આવે છે. જેનું ચેકીંગ (૧૦૦%) આસી. સીટી ઈજનેરશ્રી દ્વારા કરવામાં આવે છે. અને તમામ કન્સીલ કામનાં માપો રેકર્ડ કરાયા બાદ કામ કરવાની પરવાનગી આપવામાં આવે છે.

કામની કવોલીટી જળવાઈ રહે તેની ખાસ તકેદારી રાખવામાં આવે છે. સ્પેસીફીકેશનમાં દર્શાવેલ ટેસ્ટ, સમયાંતરે કરવામાં આવે છે. સાઈટ ઉપર ઉતારવામાં આવેલ મટીરીયલના ટેસ્ટ રીપોર્ટ આવ્યા બાદ જ માલ વાપરવાની પરવાનગી આપવામાં આવે છે. ટેસ્ટીંગમાં ફેઈલ થયેલ માલ સાઈટ ઉપરથી દૂર કરાવી, સ્પેસીફીકેશન મુજબનો માલ લાવી કામ કરાવવા જણાવવામાં આવે છે.

**પેમેન્ટ :-** કોન્ટ્રાકટર દ્વારા કરવામાં આવતા કામના સાઈટ ઉપર ટેકનીકલ સુપરવાઈઝરની મદદ લઈને આસી. ઈજનેરશ્રી દ્વારા માપ લઈ બીલ રેકર્ડ કરવામાં આવે છે.જેમાં આ.ઈ. દ્વારા સર્ટીફીકેટ આવ્યેથી આ બીલ આસી.સી.ઈ. ૧૦૦% ચેકીંગ કરે છે. અને સંતોષકારક જણાયા બાદ સહી કરીને ડે. સી.ઈ.શ્રી સમક્ષ ચેકીંગ માટે રજુ કરાય છે.ડે.સી.ઈ.શ્રી, જો રનીંગ બીલ હોય તો બીલ રકમના ૫% રકમનું ચેકીંગ કરી સર્ટી ફાઈડ કરેછે. તથા કામની ઓવર ઓલ ગુણવતાની ચકાસણી પણ કરે છે.આ બીલ એડી. સીટી ઈજનેર શ્રી સમક્ષ રજુ કરાય છે. અંહી કામનું ઈન્સપેકશન કરી, કામ સંતોષ કારક જણાય તો પેમેન્ટ કરવા રેકમ્નડ કરી તેઓની સહીથી એકાઉન્ટ ખાતે પેમેન્ટ માટે મોકલવામાં આવે છે..

કામ પુરૂ થયા બાદ કામનું ફાઈનલ પેમેન્ટ થયા બાદ ટેન્ડરમાં જણાવ્યા મુજબના સમય સુધી કોન્ટ્રાકટરની સીકયોરીટી ડીપોઝીટ, જે કોન્ટ્રાકટરના સંતોષકારક કોન્ટ્રાકટ પરફોમન્સ માટે જમા લેવામાં આવે છે. તે રીલીઝ કરવામાં આવે છે.

તદૃ ઉપરાંત અમુક કામોમાં પરફોમન્સ ગેરંટી તથા ડીફેકટ લાયાબીલીટી ગેરંટી લેવામાં આવે છે. સામાન્ય રીતે ડ્રેનેજ પ્રોજેકટમાં સુઅરેજ પંપીગ સ્ટેશનના ઈલે.મીકે.ની ઈન્સ્ટોલેશન તથા રાઈઝીંગ મેઈનના કામો માટે એકથી ત્રણ વર્ષની પરફોમન્સ ગેરંટી લેવામાં આવે છે જે તેટલા સમય ગાળા દરમ્યાન જો સ્ટ્રકચર/મશીનરીમાં વર્ષના ગાળામાં કોઈપણ ઓપરેશન મેઈન્ટેનન્સમાં ખામી જણાંતાં કોન્ટ્રાકટરેદ સુધારી આપવાની હોય છે. આ સમયગાળો સંતોષકારક રીતે પસાર થયા બાદ ગેરંટી પરત કરવામાં આવે છે.

# ડ્રેનેજ પ્રોજેકટ વિભાગ નાં ચાલુ વર્ષ ૨૦૧૭-૧૮ નાં કામોઃ

ડ્રેનેજ પ્રોજેકટ વિભાગ તરફથી ચાલુ વર્ષ ૨૦૧૭ -૧૮ માં સમાવેશ કરાયેલ કામોની વિગતો નીચે મુજબ છે. જે પેકી ઘણા કામો પૂર્ણ થયેલ છે તથા કેટલાક કામો વર્ષ ૨૦૧૮-૧૯ માં પણ પ્રગતિમાં રહેશે.

| અનુ. નંબર | કામનું નામ | અંદાજની રકમ રૂા. લાખમા | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | ૧૨૬ એમ.એલ.ડી. એસ.ટી.પી. ખાતે નદી તરફ કમ્પાઉન્ડ વોલ્ બનાવવાનું કામ. | ૧૬૪.૦૦ | કામગીરી પૂર્ણ થયેલ છે. |
| ૨ | બહેરામપુરા - દાણીલીમડા, એસ.પી.એસ.- ૧ | ૫૯૬.૦૦ | કામગીરી પૂર્ણ થયેલ છે. |
| ૩ | બહેરામપુરા - દાણીલીમડા, એસ.પી.એસ.- ૨ | ૪૨૯.૦૦ | કામગીરી પૂર્ણ થયેલ છે. |
| ૪ | જાનવી રેસ્ટોરન્ટની સામે ૮૦ મીટર હયાત ડ્રેનેજ લાઇનનું રીહેબીલીટેશનનું કામ | ૫૮.૦૦ | કામગીરી પૂર્ણ થયેલ છે. |
| ૫ | પૂર્વ ઝોનના અર્બુદા નગર વોર્ડમાં અર્બુદાનગર પંપીગ સ્ટેશનની રાઈઝીગ મેઈન લાઈન નાંખવાનું કામ | ૧૧૮.૦૦ | કામગીરી પૂર્ણ થયેલ છે. |
| ૬ | પૂર્વ અમદાવાદના નિકોલ તથા નવાનરોડ વિસ્તારમાં મેનહોલ તથા લઈનોનું ડીશિલ્ટીગ કરવાના કામ બાબત. | ૧૧૪.૦૦ | કામગીરી પૂર્ણ થયેલ છે. |
| ૭ | કાળી ચાંદખેડા વિસ્તારમાં સ્ટ્રોમ વોટર ડ્રેનેજ નેટવર્ક નાંખવાનું કામ. | ૬૯૯ | ૮૦ % કામગીરી તા.૩૧.૦૫.૨૦૧૨ ના રોજ પૂર્ણ થયેલ છે. |
| ૮ | ૧૦૬ એમ.એલ.ડી.પીરાણા HT – LT પેનલ રૂમ બનાવવાનું કામ | ૨૫.૧૩ | ટેન્ડર મંજુરીની વિધીમાં. |
| ૯ | રાણીપ ખાતે ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવાનું કામ. | ૧૬૦૦ | ૧૦ % કામગીરી પૂર્ણ. સ્થાનીક રહીશના વિરોધના કારણે હાલ પુરતી કામગીરી બંધ કરેલ છે.પોલીશ પ્રોટેશન લેવાનુ થાય છે. |
| ૧૦ | બલોલનગર રેલ્વે પાઇપ પુશીગ. | ૧૦૧ | ટેન્ડર મંજુર રેલ્વે ખાતાની મંજુરીની વિધી ચાલુ. |
| ૧૧ | ચેનપુર રેલ્વે બોક્ષ પુશીગ. | ૨૨૦ | પ્રાઇસબીડ ખોલેલ છે. રેલ્વે ખાતાની મંજુરીની વિધી ચાલુ. |
| ૧૨ | જગતપુર - ત્રાગડ પુશીગની વચ્ચે ૧૬૦૦ ડાયા, પાઇપ લાઇનનું કામ. | ૪૦૦ | ટેન્ડર મંજુરીની વિધીમાં. |
| ૧૩ | ૧૨૬ એમ.એલ.ડી. એસ.ટી.પી. ખાતે એડમીન બિલ્ડીગ બનાવવાનું કામ. STP (૧.૦૦ કરોડ) | ૧૦૭ | ટેન્ડર મંજુરીની વિધીમાં. |
| ૧૪ | દક્ષિણ ઝોનના બહેરામપુરા વોર્ડમાં ટી.પી. ૩૭ અને ૩૮/૧ માં ડ્રેનેજ નેટવર્ક નાંખવાનું કામ. (એસ.પી.એસ.૨) | ૪૫૫ | ટી.પી. રોડના પજેશન ન હોવાના કારણે કામગીરી શરૂ કરવામાં ખુબજ વિલંબ થયેલ છે.હાલમાં જે રોડના પઝેશન મળેલ છે.તે રોડ ઉપર કામગીરી |

| | | | |
|---|---|---|---|
| | | | ચાલુ છે. |
| ૧૫ | દક્ષિણ ઝોનના બહેરામપુરા વોર્ડમાં ટી.પી. ૩૭ અને ૩૮/૧ માં ડ્રેનેજ નેટવર્ક નાંખવાનું કામ. (એસ.પી.એસ.૧) | ૭૪૯ | ટી.પી. રોડના પજેશન ન હોવાના કારણે કામગીરી શરૂ કરવામાં ખુબજ વિલંબ થયેલ છે.હાલમાં જે રોડના પઝેશન મળેલ છે.તે રોડ ઉપર કામગીરી ચાલુ છે. |
| ૧૬ | વસ્ત્રાલ ગાર્ડનની બાજુમાં સ્ટ્રોમ વોટર ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવાનું કામ. | ૨૧૫ | ૩૦ % કામ પુરૂં. |
| ૧૭ | પૂર્વ વિસ્તારમાં ડીસીલ્ટીગનું કામ. (રામોલ, નિકોલ, વસ્ત્રાલ) | ૩૦૪ | ૬૭૦૦ રનીગ મીટરમાંથી ૧૫૦૦ રનીગ મીટરની કામગીરી પૂર્ણ, |
| ૧૮ | હાથીજણ ખાતે ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવાનું કામ. | ૧૩૫૮ | પંપીગ સ્ટેશનના પ્લોટના પઝેશન ન હોવાના કારણે આશરે ૬- માસ બાદ કામગીરી શરૂ કરેલ જેની સક્ષમ સત્તાને જાણ કરેલ છે.૬૦ % કામગીરી પૂર્ણ કરેલ છે. |
| ૧૯ | દેડકી ગાર્ડન ડકટ રીનોવેશન / ડીસીલ્ટીગનું કામ. | ૪૧૧૦ | કામગીરી ચાલુ. |
| ૨૦ | લાંભા લેઇક ડેવલપ કરવાનું કામ. | ૧૬૨૭ | ટેન્ડર મંજુરીની વિધીમાં. |
| ૨૧ | વટવા લેઇક ડેવલોપ કરવાનું કામ. | ૧૧૦૦ | ટેન્ડર રી-ઇન્વાઇટ કરેલ છે. |
| ૨૨ | અ.મ્યુ.કો.ની જુની સીવરેજ ટ્રંક મેઇન તેમજ સ્ટોર્મ વોટર ટ્રંક મેઇનમાંથી ડીસીલ્ટીગ ઇકવીપમેન્ટ વડે ડીસીલ્ટીગ કરવાનું કામ. (કેપીટલ એન્જીનીયરીગ) | ૧૧૫૮ | ૧૭૦૦૦ રનીગ મીટરમાંથી ૧૦૫૦૦ રનીગ મીટરની કામગીરી પૂર્ણ. |
| ૨૩ | કેશવનગર પંપીગ રાઇઝીગ લાઇનું કામ. | ૯૯ | ટેન્ડર મંજુરીની વિધીમાં. |
| ૨૪ | સ્મૃતિ મંદિર રાઇઝીગ લાઇન નાંખવાનું કામ. | ૧૩૧ | ચોથા પ્રયત્ને ટેન્ડરો મંગાવતા બે બીડરો ક્વોલીફાય થયેલ છે.પ્રાઇસબીડ ખોલેલ છે.L1 સાથે નેગોશીએશન કરવાનું થાય છે. |
| ૨૫ | પૂર્વ ઝોન, દક્ષિણ ઝોન, ઉત્તર ઝોન અને નવા પશ્ચિમ ઝોન વિસ્તારમાં જુદા જુદા ડાયાની ડ્રેનેજ લાઇન ડીસીલ્ટીગ કરવાનું કામ. | ૫૫૮ | L.O.I. આપેલ છે. |
| ૨૬ | દેડકી ગાર્ડન થી બળવંતરાય હોલ સુધીની હયાત ડ્રેનેજ લાઇન ડીસીલટીગ કરવાનું કામ. (૨.૭૩ કરોડ) | ૨૭૩ | પ્રાઇસ બીડ ખોલેલ છે.રી-ટેન્ડર કરવાનુ થાય છે. |
| ૨૭ | ૧૮૦ એમ.એલ.ડી પ્લાન્ટની બાજુમાં પીરાણા ટી.એસ.પી.એસ ની હયાત એમ.એસ હેડર લાઇનનું પ્લેટથી ફેબ્રીકેટીગ અને એમ.એસ પ્લેટ ફીટ કરવાનુ કામ. | ૧૨.૫ | પ્રાઇસ બીડ નેગોશીયેશનની વિધીમાં છે. |
| ૨૮ | ઉત્તરઝોનના કુબેરનગર વોર્ડમાં વરસાદી પાણીના નિકાલ માટે રેલ્વે ટ્રેક નીચે પુશીગનુ કામ. | ૩૬ | રેલ્વે ખાતાની મંજુરીની વિધી ચાલુ હોઇ મંજુરી મળેથી કામગીરી શરૂ કરવામાં આવશે. |
| ૨૯ | દક્ષિણ ઝોન લાંભા વોર્ડમાં નારોલ શાહવાડી વિસ્તારમાં ડ્રેનેજ લાઇન | ૩૦૫ | પ્રાઇસ બીડ નેગોશીયેશનની કરી ટેન્ડર મંજુરીની વિધીમાંછે. |

| | | | |
|---|---|---|---|
| | ડીસીલટીંગનું કામ. | | |
| ૩૦ | દક્ષિણઝોનના લાંભા તથા વટવા વોર્ડમાં ટી.પી. સ્કીમ નં. ૫૪,૫૭,૫૮,૮૦,૮૫ માં અગાઉ નાંખવામાં આવેલ સુઅરેજ નેટવર્કમાં જુની બંધ થયેલ હોય તેવી લાઈનો બદલવા તથા ભવિષ્યની વસ્તીને ધ્યાને રાખી હયાત નેટવર્કમાં સુધારા વધારા કરવાનું કામ | ૪૪૭ | ટેન્ડર મંજુરીની વિધીમાં. |
| ૩૧ | દક્ષિણ ઝોન ૧૮૦ એમ.એલ.ડી પ્લાન્ટની બાજુમાં પ્લાટોને ટ્રીટેડ સુએજ આપવા ડ્રેનેજ લાઇન નાખવાનું કામ. | ૫૦ | કંસલટન્ટ નેં સર્વે ડીઝાઇનની કામગીરી સોપેલ છે. |
| ૩૨ | વાસણા વિસ્તારમા ઔડા દ્વારા બનાવેલ ૨૮૫ એમ.એલ.ડી. પંપીગ સ્ટેશનની અપસ્ટ્રીમ સાઈડમાં પડેલ ભંગાણ રીપેરીગની કામગીરી | ૨૦૦ | કામગીરી ચાલુ. |
| ૩૩ | ચેનપુર ખાતે ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવાનું કામ. | ૧૦૧૬ | કામગીરી ચાલુ. |
| ૩૪ | ચાંદલોડીયા વિસ્તારમાં ડ્રેનેજ નેટવર્ક નાંખવાનું કામ. (મારૂતી ઈન્ફ્રાસ્ટ્રક્ચર) | ૨૬૭.૫ | કામગીરી પૂર્ણ થયેલ છે. |
| ૩૫ | જગતપુર, ગોતા, એસ.જી. હાઇવે ડીસીલ્ટીગનું કામ. (રૂબીકોન) | ૨૩૦ | કામગીરી પૂર્ણ થયેલ છે. |
| ૩૬ | ત્રિકમલાલ ચોકઠા પાસે સ્ટ્રોમ વોટર ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવાનું કામ. | ૬૬૦ | કામગીરી પૂર્ણ થયેલ છે. |
| ૩૭ | વેજલપુર ઝલક એપાર્ટમેન્ટ આસપાસ ભરાતા વરસાદી પાણીના નિકાલ માટે આર.સી.સ.્સમ્પ અને રાઇઝીગ પાઇપલાઇન નાંખવાના કામ બાબત. | ૧૭૦ | કામગીરી પૂર્ણ થયેલ છે. |
| ૩૮ | ચિલોડા ખાતે(ટી.પી-૯૯)માં ડ્રેનેજ નેટવર્ક નાંખવાનું કામ. | ૩૩૪ | કામગીરી પૂર્ણ થયેલ છે. |
| ૩૯ | ઈન્દ્રપુરી વોર્ડમાં ઉમંગ બંગલોથી બાગેફીરદોસ પંપીગ સુધી ડ્રેનેજ લાઇન નાંખવાનું કામ. | ૮૯ | ટેન્ડર મંજુર |
| ૪૦ | સરખેજ - હૈદરનગર ડ્રેનેજ નેટવર્ક (૫.૦ કરોડ) | ૩૨૭ | ટેન્ડર મંજુર |
| ૪૧ | સરખેજ રોજા ડ્રેનેજ નેટવર્ક (૫.૫ કરોડ) | ૩૪૨ | ટેન્ડર મંજુર |
| ૪૨ | જોધપુર સ્ટ્રોમ વોટર ડ્રેનેજ નું કામ. (ટેન્ડર ૧) | ૧૮૫૯ | ટેન્ડર મંજુરીની વિધીમાં. |
| ૪૩ | જોધપુર સ્ટ્રોમ વોટર ડ્રેનેજ નું કામ. (ટેન્ડર- ૨) | ૧૩૫૦ | ટેન્ડર મંજુરીની વિધીમાં. |
| ૪૪ | ફતેહવાડી કેનાલની બાજુમાં સ્ટ્રોમ વોટર ડ્રેઇનની સ્ટ્રેન્ધનીગનું કામ. | ૧૬ | ટેન્ડર મંજુરીની વિધીમાં. |
| ૪૫ | ડ્રેનેજ પ્રોજેકટની હયાત ડ્રેનેજ લાઇન ઉપર વેન્ટીલેટીગ કોલમ ઉભા કરવાનું કામ. | ૧૦૩ | ટેન્ડર મંજુર |
| ૪૬ | પશ્ચિમઝોન વિસ્તારની હયાત ડ્રેનેજ લાઇન ઉપર વેન્ટીલેટીગ કોલમ ઉભા કરવાનું કામ. | ૮૫ | ટેન્ડર મંજુર |
| ૪૭ | નવા પશ્ચિમઝોન વિસ્તારની હયાત ડ્રેનેજ લાઇન ઉપર વેન્ટીલેટીગ કોલમ | ૨૪૦ | ટેન્ડર મંજુર |

| | | | |
|---|---|---|---|
| | ઉભા કરવાનું કામ. | | |
| ૪૮ | ઉત્તરઝોન, દક્ષિણઝોન, મધ્ય ઝોન, પૂર્વઝોન વિસ્તારની હયાત ડ્રેનેજ લાઇન ઉપર વેન્ટીલેટીગ કોલમ ઉભા કરવાનું કામ. | ૯૩ | રી-ટેન્ડર મંગાવેલ છે. |
| ૪૯ | કુબેરનગર વિસ્તારમાં સ્ટ્રોમ વોટર ડ્રેનેજ નેટવર્ક નાંખવાનું કામ. | ૧૨૫૬ | ટેન્ડર મંજુરીની વિધીમાં. |
| ૫૦ | વેજલપુર ડ્રેનેજ પંપીગ સ્ટેશન અને નેટવર્કનું કામ. | ૧૦૦૦ | ટેન્ડર તેયાર કરેલ છે. |
| ૫૧ | હાથીજણ વિસ્તારમાં ડ્રેનેજ નેટવર્ક નાંખવાનું કામ. (ટી.પી. ૧૦૭, હાથીજણ - રામોલ) | ૧૩૩ | ટેન્ડર મંજુરીની વિધીમાં. |
| ૫૨ | મેઘાણીનગર ખાતે ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવાનું કામ. | ૬૩૮ | ટેન્ડર મંજુર |
| ૫૩ | ચિલોડા ખાતે ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવાનું કામ. | ૨૯૩ | ટેન્ડર મંજુરીની વિધીમાં. |
| ૫૪ | રામોલ - હાથીજણ વોર્ડમાં માનસી ટેનામેન્ટ વિસ્તારમાં ડ્રેનેજ નેટવર્ક નાંખવાનું કામ. | ૧૦૦ | ટેન્ડર મંજુરીની વિધીમાં. |
| ૫૫ | મીરજાપુર/શાહપુર વોર્ડમાં ત્રણ ખુણીયા ગાર્ડન પાસે ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવાનું કામ. | ૧૨૩ | ટેન્ડર મંગાવેલ છે. |
| ૫૬ | ઈન્દ્રપુરી વોર્ડમાં ઉમંગ બંગલોથી બાગેફીરદોસ પંપીગ સુધી ડ્રેનેજ લાઇન નાંખવા માટે કેનાલ પુશીગનું કામ. | ૩૮ | ટેન્ડર મંજુર |
| ૫૭ | ચાંદલોડીયા વિસ્તારમાં સ્ટોંમ વોટર ડ્રેનેજ નેટવર્ક નાંખવાનું કામ. | ૩૨૭ | કામગીરી પૂર્ણ થયેલ છે. |
| ૫૮ | ઘાટલોડીયા વિસ્તારમાં સ્ટોંમ વોટર ડ્રેનેજ નેટવર્ક નાંખવાનું કામ. | ૩૪૯.૫૬ | કામગીરી પૂર્ણ થયેલ છે. |
| ૫૯ | બળવંતરાય હોલથી ભૈરવનાથ ક્રોસ રોડ સુધી હયાત સેવરેજ લાઈન રીહેબ કરવાના કામ બાબત. | ૬૨૬.૯૮ | કામગીરી પૂર્ણ થયેલ છે. |
| ૬૦ | ન્યુ સબર્બન ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવાના કામ બાબત. | ૧૬૯૦ | કામગીરી પૂર્ણ થયેલ છે. |
| ૬૧ | ભૈરવનાથ સ્ટોંમ વોટર પંપીગ સ્ટેશન બનાવવા તથા તેની રાઈઝીગ મેઈન લીન નાંખવાના કામ બાબત. | ૩૬૨ | કામગીરી પૂર્ણ થયેલ છે. |
| ૬૨ | JnNURM અંતર્ગત SN-NWZ-12 પેકેજ હેઠળ ડ્રેનેજ લાઇન નાંખવાનું કામ. | ૨૯૪૨ | કામગીરી પૂર્ણ થયેલ છે. |
| ૬૩ | JnNURM અંતર્ગત SN-NWZ-13 પેકેજ હેઠળ ડ્રેનેજ લાઇન નાંખવાનું કામ. | ૮૭૩ | કામગીરી ચાલુ છે. |
| ૬૪ | JnNURM અંતર્ગત SN-NWZ-18 પેકેજ હેઠળ ડ્રેનેજ લાઇન નાંખવાનું કામ. | ૩૦૩૬ | કામગીરી ચાલુ છે. |
| ૬૫ | JnNURM અંતર્ગત SN-NWZ-19 પેકેજ હેઠળ ડ્રેનેજ લાઇન નાંખવાનું કામ. | ૧૬૩૫ | કામગીરી ચાલુ છે. |

| | | | |
|---|---|---|---|
| ૬૬ | JnNURM અંતર્ગત જગતપુર- ત્રાગડ બોક્ષ પુશીગ પધ્ધતિથી ડ્રેનેજ લાઈન નાંખવાનું કામ. | ૫૨૩ | કામગીરી પૂર્ણ થયેલ છે. |
| ૬૭ | JnNURM અંતર્ગત SN-NWZ-14 પેકેજ હેઠળ ડ્રેનેજ લાઇન નાંખવાનું કામ. | ૯૦૯ | કામગીરી પૂર્ણ થયેલ છે. |
| ૬૮ | JnNURM અંતર્ગત SN-NWZ-17 પેકેજ હેઠળ ડ્રેનેજ લાઇન નાંખવાનું કામ. | ૭૦૭ | કામગીરી ચાલુ છે. |
| ૬૯ | JnNURM અંતર્ગત ચાંદલોડીયા, સાણંદ ૨૦૦૦ ડાયા, હેબતપુર રેલ્વે બોક્ષ પુશીગ. (પેકેજ- ૯) | ૧૭૩.૮૩ | ંટેન્ડર મંજુર, રેલ્વેની મંજરીમા |
| ૭૦ | JnNURM અંતર્ગત સરખેજ, વસ્ત્રાપુર ૨૨૦૦ ડાયા, સરખેજ રેલ્વે બોક્ષ પુશીગ. (પેકેજ- ૧૨) | ૧૫૮.૭૩ | ંટેન્ડર મંજુર, રેલ્વેની મંજરીમા |
| ૭૧ | JnNURM અંતર્ગત SN-NEZ-10 પેકેજ હેઠળ ડ્રેનેજ લાઇન નાંખવાનું કામ. | ૨૮૦ | કામગીરી ચાલુ છે. |
| ૭૨ | JnNURM અંતર્ગત SN-NEZ-11 પેકેજ હેઠળ ડ્રેનેજ લાઇન નાંખવાનું કામ. | ૧૩૦ | કામગીરી ચાલુ છે. |
| ૭૩ | JnNURM અંતર્ગત SN-NEZ-12 પેકેજ હેઠળ ડ્રેનેજ લાઇન નાંખવાનું કામ. | ૨૩૬ | કામગીરી પૂર્ણ થયેલ છે. |
| ૭૪ | JnNURM અંતર્ગત મોટેરા ખાતે ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવાનું કામ. | ૧૪૦૦ | ટુક સમયમાં કામગીરી શરુ કરવાની છે. |
| ૭૫ | JnNURM અંતર્ગત SN-NWZ-15 પેકેજ હેઠળ ડ્રેનેજ લાઇન નાંખવાનું કામ. | ૩૨૦ | કામગીરી પૂર્ણ થયેલ છે. |
| ૭૬ | JnNURM અંતર્ગત લેન્ડફીલ સાઈટથી સાબરમતી નદી સુધી સ્ટ્રોમ વોટર ડ્રેઈન પાઈપ લાઈન નાંખવાનું કામ. | ૧૭૨ | કામગીરી પૂર્ણ થયેલ છે. |

પ્રતિ,
મદદનીશ જાહેર માહીતી અધિકારી
આર.ટી.આઈ.સેલ.
કાલુપુર,અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન

**વિષયઃ-** ઇજનેર ડ્રેનેજ પ્રોજેકટનું પ્રોએકટીવ ડીસ્કલોઝર ની વર્ષ ૨૦૧૭ - ૧૮ની હાર્ડ કોપી સામેલ કરવા બાબત

ઉપરોકત વિષય અન્વયે માહીતી અધિકાર અધિનિયમ મુજબ ઇજનેર ડ્રેનેજ પ્રોજેકટનુ પ્રોએકટીવ ડીસ્કલોઝર વર્ષ ૨૦૧૭ - ૧૮ ની હાર્ડ કોપી આ સાથે સામેલ કરેલ છે. જે જાણમાં લઇ ઘટતું કરવા વિનંતી.

*એડી. સીટી ઈજનેર*
*(ડ્રેનેજ પ્રોજેકટ)*

પ્રતિ,
ઈ.ડી.પી.ડીપાર્ટમેન્ટ
સરદાર પટેલ ભવન,
અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન

**વિષયઃ-** ઈજનેર ડ્રેનેજ પ્રોજેકટનું પ્રોએકટીવ ડીસ્કલોઝર ૨૦૧૭ - ૧૮ ની સોફટ કોપી સામેલ કરવા બાબત

ઉપરોકત વિષય અન્વયે માહીતી અધિકાર અધિનિયમ મુજબ ઈજનેર ડ્રેનેજ પ્રોજેકટનુ પ્રોએકટીવ ડીસ્કલોઝર ૨૦૧૭ - ૧૮ ની સોફટ કોપી આ સાથે સામેલ કરેલ છે. જે જાણમાં લઈ ઘટતું કરવા વિનંતી.

***એડી. સીટી ઈજનેર***
***(ડ્રેનેજ પ્રોજેકટ)***

મે.ડે.મ્યુનિ.કમિશ્નર સાહેબશ્રી,
ડ્રેનેજ પ્રોજેક્ટ

માહીતી અધિકાર અધિનિયમ -૨૦૦૫ હેઠળ ઈજનેર ડ્રેનેજ પ્રોજેક્ટ ખાતાનું વર્ષ ૨૦૧૭ -૧૮ નુંપ્રો-એકટીવ ડિસ્કલોઝર તૈયાર કરેલ છે. જે આ સાથે સામેલ કરેલ છે. તેને વેબ સાઈટ ઉપર મુકવા આપશ્રીની મંજૂરી આપવા વિનંતી છે.

| | | |
|---|---|---|
| **ડે.સીટી ઈજનેર** | **એડી.સીટી ઈજનેર** | **સીટી ઈજનેર** |
| **(ડ્રેનેજ પ્રોજેકટ)** | **(ડ્રેનેજ પ્રોજેકટ)** | **(WRM)** |

**ડે.મ્યુનિ.કમિશ્નર**
**(ડ્રેનેજ પ્રોજેક્ટ)**